રાહુલની અમેઠીમાંથી ઉમેદવારી

અમેઠી, તા.૧૨

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે અમેઠી મત વિસ્તારમાંથી ઉમેદવારીપત્ર ભરી દીધા હતા. અભૂતપૂર્વ રોડ શો યોજ્યા બાદ રાહુલ ગાંધીએ પરંપરાગતરીતે ઉમેદવારીપત્રો ભર્યા હતા. રાહુલ ગાંધીની સાથે તે વખતે પ્રિયંકા વાઢેરા અને તેના પતિ રોબર્ટ વાઢેરા પણ રહ્યા હતા. રાહુલ ગાંધીની રોડ શોની શરૂઆત ગોરીગંજથી થઇ હતી અને અમેઠીમાં કલેક્ટોરેટની ઓફિસ સુધી ચાલ્યો હતો. ૪૦ કિલોમીટર લાંબા માર્ગમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી પણ તે વખતે ઉપસ્થિત રહ્યા હતા. પત્રકારો દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં રાહુલ ગાંધીએ ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે કોઇ અંગત પ્રહારો કર્યા હોવાનો ઇન્કાર કર્યો હતો. રાહુલે કહ્યું હતું કે, તેઓએ કોઇપણ અંગત પ્રહાર કર્યા નથી. માત્ર એટલું જ કહ્યું હતું કે, મોદીએ અગાઉ ક્યારેય પણ તેમના લગ્નના દરજ્જાનો ઉલ્લેખ કર્યો ન હતો. પ્રિયંકાએ પણ રાહુલનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, રાહુલે કોઇના પર પ્રહાર કર્યો ન હતો. માત્ર ભાજપ એફિડેવિટ અંગે વાત કરી હતી. ભાજપ અંગત પ્રહારો કરવાની સ્થિતિમાં નથી. કોંગ્રેસના ઉપપ્રમુખે એવો દાવો પણ કર્યો હતો કે ઓપિનિયન પોલ ૨૦૦૪-૨૦૦૯ની જેમ ફરી ખોટા સાબિત થશે. અમેઠીમાંથી બે વખતના સાંસદ રાહુલ સામે સીધી સ્પર્ધા ત્રિકોણીય છે. અહીં ભાજપ તરફથી સ્મૃતિ ઇરાની મેદાનમાં છે જ્યારે આમ આદમી પાર્ટી તરફથી કુમાર વિશ્વાસને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસના ઉપપ્રમુખે ૨૦૦૪ અને ૨૦૦૯ની ચૂંટણી જંગી અંતર સાથે જીતી હતી પરંતુ કોંગ્રેસે અમેઠી સંસદીય બેઠક હેઠળ આવતી પાંચ વિધાનસભાની બેઠક પૈકીની ત્રણ બેઠક ૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી દરમિયાન ગુમાવી હતી. અમેઠીમાં સાતમી મેના દિવસે મતદાન યોજાનાર છે. ઉમેદવારી દાખલ કરવાની પ્રક્રિયા આજે શરૂ થઇ હતી. આ મત વિસ્તારને નહેરુ ગાંધી પરિવારના ગઢ તરીકે ગણવામાં આવે છે. સોનિયા ગાંધીએ પણ આ બેઠક પર પ્રતિનિધિત્વ કર્યું હતું. મોડેથી સોનિયા ગાંધી રાયબરેલીમાં જતા રહ્યા હતા. ૧૯૮૦માં સંજય ગાંધી અને ત્યારબાદ રાજીવ ગાંધીએ ચાર વખત આ સીટ ઉપર પ્રતિનિધિત્વ કર્યું હતું. જવાહરલાલ નહેરુ પણ એક વખત આ બેઠક પર રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, રાહુલ ખાસ વિમાન મારફતે અમેઠી પહોંચ્યા હતા. અમહઠ વિમાની પટ્ટી ઉપર ઉતર્યા બાદ રોડ શો માટે નિકળ્યા હતા. કાર્યકરો અને કોંગ્રેસના સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ગાળા દરમિયાન સમર્થકોએ આશરે ૧૪ ટન ગુલાબના ફુલોનો વરસાદ કર્યો હતો.

દિગ્ગજ નેતા જશવંતસિંહના ગઢ બાડમેરમાં ઝંઝાવતી પ્રચાર કરતા નરેન્દ્ર મોદી

બાડમેર, તા.૧૨

ભાજપમાંથી તાજેતરમાં હકાલપટ્ટી કરવામાં આવેલા દિગ્ગજ નેતા જશવંતસિંહના ગઢ બાડમેરમાં ભારત વિજય રેલીના ભાગરુપે ઝંઝાવતી પ્રચાર કરતા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને શ્રેણીબદ્ધ સળગતા મુદ્દા ઉઠાવ્યા હતા. મોદીએ કોંગ્રેસ પર આંખમાં ધૂળ નાંખવાના પ્રયાસનો આક્ષેપ કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે, કોઇપણ સરકારી એજન્સી મારફતે ચૂંટણી ખર્ચ ઉપર તપાસ માટે અમે તૈયાર છે. મોદીએ કહ્યું હતું કે તેઓ ક્યારે પણ ખોટા વચન આપતા નથી. માત્ર વિકાસના માર્ગ ઉપર આગળ વધવા માંગે છે. મોદીએ સુશાસન અને વિકાસની વાત કરી હતી. ગુજરાતના વિકાસ મોડેલની વાત કરતા કહ્યું હતું કે, જ્યારે તેઓ મુખ્યમંત્રી બન્યા ત્યારે ગુજરાતમાં ભૂકંપના કારણે હાલત કફોડી હતી. આજે કચ્છ દેશના સૌથી ઝડપથી વિકાસ કરનાર જિલ્લાઓ પૈકી એક છે. ખેતી અને

કેરીની નિકાસમાં કચ્છે દાખલા બેસાડ્યા છે. જો કચ્છ વિકાસના મામલામાં દાખલા બેસાડી શકે છે તો બાડમેર કેમ નહીં. રાજસ્થાનમાં પાણીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. અમે નદીઓને જોડવા માટે ઉત્સુક છે. જેથી અટલ બિહારી વાજપેયીના સ્વપ્રને પૂર્ણ કરી શકાશે. બાડમેરમાં ગેસ અને પેટ્રોલિયમનો ભંડાર છે. દેશ માટે આ ભંડાર વરદાન સમાન બની શકે છે. પાણી, ગેસ અને પેટ્રોલ આ જમીનને ભારત માટે ગૌરવ સમાન બનાવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે, અમૃતસરમાં પંજાબના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના ઉમેદવાર સામે બેંક ખાતાની માહિતી ન આપવા બદલ કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. વોટ બેંકની રાજનીતિ દેશને કમજોર કરે છે. બાંગ્લાદેશી રાજસ્થાનમાં આવે છે અને ભાગીને પાકિસ્તાન જતા રહે છે. અમારી સરકાર આવ્યા બાદ આ સમસ્યાને દૂર કરવામાં આવશે. રાહુલ ગાંધી અહીં આવ્યા હતા અને ધૂમ ફિલ્મની વાત કરી રહ્યા હતા. ગુજરાતમાં અમે સોલર પાવરના ક્ષેત્રમાં કામ કરી ચુક્યા છે પરંતુ રાજસ્થાનમાં અગાઉની ગેહલોત સરકારે કોઇ કામગીરી કરી ન હતી જેથી તેની પછડાટ થઇ હતી. બાડમેરમાં પણ કમળને મત આપવા તેઓએ વાત કરી હતી. છેલ્લા ૧૦ વર્ષમાં મોદીને ફસાવવા માટે તમામ એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આવા પ્રયાસો જારી રહેવાની સ્થિતિમાં લોકો વધુ બોધપાઠ ભણાવશે.

છત્તિસગઢ : બે નક્સલવાદી હુમલામાં ૧૨ના થયેલા મોત

રાયપુર,તા. ૧૨

છત્તિસગઢમાં માઓવાદીઓનો આતંક જારી રહ્યો છે. આજે કરવામાં આવેલા બે હુમલામાં ઓછામાં ઓછા ૧૨ લોકોના મોત થયા હતા અને અન્ય મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બીજાપુરમાં નક્સલવાદીઓએ ચૂંટણી ફરજ પર રહેલા અધિકારીઓને લઇને જતી બસને ટાર્ગેટ બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો. જ્યારે બીજો હુમલો બસ્તરમાં કરવામાં આવ્યો હતો. પ્રથમ હુમલાના ભાગરૂપે ામાઓવાદીઓએ બસને બોમ્બથી ફુંકી મારી હતી જ્યારે બીજા હુમલાના ભાગરૂપે એમ્બ્યુલન્સ પર હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે બસ્તરમાં ૧૦મી એપ્રિલના દિવસે થયેલા મતદાન બાદ પોલિંગ પાર્ટી બસમાં બેસીને ડિસ્ટ્રીક્ટ હેડક્વાર્ટર્સ જગદલપુર પરત ફરી રહી હતી ત્યારે આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલિંગ ટીમ પરત ફરી રહી હતી ત્યારે એક જગ્યાએ પહેલાથી માઓવાદીઓ દ્વારા બોમ્બ પ્લાન્ટ કરવામાં આવ્યો હતો. જેથી બસ પસાર થવાની સાથે જ બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં છ લોકોના ઘટનાસ્થળે જ મોત થઇ ગયા હતા.જ્યારે ૧૨થી વધારે લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકને ગંભીર ઇજા થઇ હતી. બીજો હુમલો નક્સલવાદીઓએ એમ્બ્યુલન્સને ટાર્ગેટ બનાવીને કર્યો હતો.

દરભામાં નક્સલવાદીએ હેલ્થ વિભાગની એમ્બ્યુલન્સ પર હુમલો કર્યો હતો. જેમાં ૧૨ જવાનોના મોત થયા હતા. ૧૦મી એપ્રિલના દિવસે મતદાનના દિવસે નક્સલવાદીઓએ અનેક જગ્યાએ ગોળીબાર અને બ્લાસ્ટ કરીને લોકોમાં દહેશત ફેલાવવાના પ્રયાસો કર્યા હતા પરંતુ તેની કોઇ અસર દેખાઇ ન હતી. મતદાનને લઇને દુરગામી વિસ્તારમાં પહોંચેલા જવાનોને માઓવાદીઓ ટાર્ગેટ બનાવી રહ્યા છે. જેથી નક્સલવાદીગ્રસ્ત વિસ્તારોમાં ફરજ બજાવતા જવાનોને વધારે સાવધાન રહેવાની જરૂર છે.

માત્ર દેખાવો કરવા માટે ટોપી પહેરનાર લોકોમાં નથી : મોદી

નવી દિલ્હી,તા. ૧૨

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કહ્યું હતું કે તેઓ માત્ર દેખાવો કરવાના હેતુસર ટોપી પહેરનાર લોકોમાંથી નથી. મોદીએ કહ્યું હતું કે તેઓ ટોપી પહેરીને ફોટાઓ પડાવી લોકોને ગેરમાર્ગે દોરનાર લોકોમાં નથી. લોકો સાથે તેઓ કોઇપણ રીતે છેતરપિંડી કરવા માંગતા નથી. મોદીએ કોંગ્રેસના એવા આક્ષેપોમાં તપાસ માટે તૈયારી બતાવી છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ચૂંટણી પબ્લિસીટી ઉપર તેઓ ૧૦ હજાર કરોડ ખર્ચ કરી શકે છે. આ સંદર્ભમાં તેઓ પોતે ચૂંટણી પંચને પત્ર લખવાની વાત કરી ચુક્યા છે. નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારમાં ૧૦ હજાર કરોડ રૂપિયાની અભૂતપૂર્વ રકમ ખર્ચ કરવાના કોંગ્રેસના દાવાને ફગાવી દીધો હતો. મોદીએ કહ્યું હતું કે તેઓ કોઇ પણ સરકારી સંસ્થા દ્વારા તપાસ કરાવવા માટે તૈયાર છે. એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસના આરોપો આધારવગર છે. કોંગ્રસે હાલમાં આક્ષેપ કર્યો છે કે મોદીએ આ ચૂંટણીમાં પ્રચાર પર કુલ ૧૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યા છે જે પૈકી ૯૦ ટકા રકમ કાળા નાણાની છે. મોદીએ જવાબમાં કહ્યું હતું કે ૧૦ હજાર કરોડ ખુબ મોટી રકમ છે. સરકારની પાસે તમામ સંસ્થાઓ છે. તેમને પ્રશ્ન કરવો જોઇએ કે આ નાણાં કોના છે. આ રકમ ક્યાંથી આવી છે અને ક્યાં ખર્ચ કરવામાં આવી રહી છે. મોદીએ ૩૦ દિવસની અંદર આ તપાસ કરાવવા માટે અપીલ કરી છે. મોદીએ કહ્યું છે કે તમામ આક્ષેપો અંગે વાસ્તવિકતા લોકો સમક્ષ આવે તે જરૂરી છે. થોડાક વર્ષ અગાઉ એક મૌલવીના હાથે ટોપી પહેરવાનો ઇન્કાર કર્યા બાદ આને લઇને થયેલા વિવાદ અંગે મોદીએ કહ્યું હતું કે મહાત્માં ગાંધી, સરદાર પટેલ અને પંડિત નહેરુને ક્યારેય ટોપી પહેરેલા જોયા ન હતા. જો કે મોદીએ કહ્યું હતું કે જો કોઇ વ્યક્તિ ટોપી ઉછાળે છે તો તેને કઠોર સજા થાય તેવા પ્રયાસ તેઓ ચોક્કસ પણે કરે છે. કોંગ્રેસનો નારો હવે નવો નારો બની ગયો છે જેમાં હાર હાથ લૂંટ, હર હોઠ જુથ છે.

૭૦૦ કિમીની રેંજ ધરાવતી અગ્નિ-૧નું સફળ પરીક્ષણ

ભુવનેશ્વર,તા. ૧૨

ભારતે આજે સંરક્ષણના ક્ષેત્રમાં વધુ એક મોટી સફળતા મેળવી લીધી હતી. ભારતે બાદરક જિલ્લા નજીક ઓરિસ્સાના દરિયાકાંઠેથી વ્હીલર આયલેન્ડ ખાતે અગ્નિ-૧ બેલાસ્ટિક મિસાઇલનુ સફળરીતે પરીક્ષણ કર્યુ હતું. મિસાઇલના પરીક્ષણ વેળા તમામ ટોચના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નિયમિત ટ્રેનિંગ કવાયતના ભાગરૂપે શુક્રવારે રાત્રે મિસાઇલનુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જો કે આ અંગે તમામ માહિતી ગઇકાલે ગુપ્ત રાખવામાં આવી હતી. ભારતના એસએફસી દ્વારા આ મિસાઇલનુ પરીક્ષણ કરવામાં આવ્યું હબતું. પરફેક્ટ લોંચ સાથે મિસાઇલે ઉંડાણ ભર્યા બાદ તે બંગાળના અખાતમાં ટાર્ગેટ પોઇન્ટ પર પડી હતી. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાના અધિકારી રવિ કુમાર ગુમાએ માહિતી આપતા કહ્યું છે કે પરીક્ષણના કારણે તમામને રાહત થઇ હતી. મિસાઇલમાં તમામ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડીઆરડીઓ દ્વારા આ મિડિયમ રેંજની મિસાઇલ વિકસિત કરવામાં આવી છે. આ મિસાઇલ ૭૦૦ કિલોમીટરના અંતર સુધી ત્રાટકવામાં સક્ષમ છે.



જાણીતા ગીતકાર અને કવિ ગુલઝારની દાદા સાહેબ ફાળકે એવોર્ડ ૨૦૧૩ માટે પસંદગી કરવામાં આવી હતી. તેમને ૪૫મો દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળશે. ૭૯ વર્ષીય ગુલઝાર ૨૦૦૨માં સાહિત્ય અકાદમી એવોર્ડ, ૨૦૦૪માં પદ્મ ભૂષણ એવોર્ડ ઉપરાંત નેશનલ ફિલ્મ એવોર્ડ અને ૨૦ ફિલ્મ ફેર એવોર્ડ પણ જીતી ચુકયા છે.

ડિપોઝીટ વધારવા માટે યોજના નિષ્ફળ રહી છે

નવી દિલ્હી,તા.૧૨

સિક્યુરિટી ડિપોઝીટમાં વધારો કરીને ઉમેદવારોની સંખ્યા ઘટાડવાની યોજના સફળ સાબિત થઈ નથી. જુદી જુદી ગણતરીઓથી વધુ સંખ્યામાં ઉમેદવારોને મેદાનમાં ઉતારવામાં આવે છે. ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમીશનર એન ગોપાલસ્વામીએ કહ્યું છે કે ઘણા બધા રાજકીય પક્ષો ઘણા રાજ્યોમાં દરેક મત વિસ્તારમાં ઉમેદવારોને વધારવામાં સામેલ હોય છે. મતદારોમાં દુવિધા ઊભી કરવાના હેતુસર પણ વધુ ઉમેદવારોને ઉતારવામાં આવે છે. ઉપરાંત ઘણા રાજકીય પક્ષો તથા ઉમેદવારો કાયદાઓ સાથે ચેડા પણ કરે છે. ઉમેદવારોની સંખ્યાને મર્યાદિત રાખવા માટે જરૂરી પગલાં લેવામાં આવે તે જરૂરી છે. ચૂંટણી પંચે ઉમેદવારોની સંખ્યાને નિયંત્રિત રાખવા માટે સિક્યુરિટી ડિપોઝીટમાં વધારો કર્યો છે. સાથે સાથે તેમની ડિપોઝીટ ગુમાવનાર ઉમેદવારોની સંખ્યામાં પણ વધારો થયો છે છતાં ઉમેદવારો વધુને વધુ મેદાનમાં આવી રહ્યા છે.

અરવિંદ કેજરીવાલ વડાપ્રધાન બનવા ઇચ્છુક હતા જેથી દિલ્હીના મુખ્યમંત્રી તરીકે રાજીનામું આપ્યું હતું : અણ્ણા

નવીદિલ્હી,તા.૧૨

ભ્રષ્ટાચારની સામે જંગ છેડી ચર્ચામાં આવેલા સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ આજે આમ આદમી પાર્ટીના ઉમેદવાર મેધા પાટકરને સમર્થન આપવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત અણ્ણાએ રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના બે ઉમેદવારને પણ ટેકો આપવાની જાહેરાત કરી હતી. અણ્ણા હઝારેએ મતદારોથી સાંપ્રદાયિક કાર્ડનો ઉપયોગ કરનાર ઉમેદવારોને હરાવવાની વાત પણ કરી હતી. મેધા પાટકરે અણ્ણા હઝારે ઉપરાંત એસએસએસના નેતા રાજુ શેટ્ટી અને સદાભાઉ ખોટને પણ ટેકો આપવાની જાહેરાત કરી હતી. એસએસએસ ભાજપના નેતૃત્વમાં ગઠબંધનનો હિસ્સો છે. મેધા પાટકર

મુંબઈ ઉત્તરપૂર્વ બેઠક પરથી અને ખોટ પશ્ચિમ મહારાષ્ટ્રના હટકા નાગલેમાંથી મેદાનમાં છે. અણ્ણા હઝારેએ પોતાના વતન ગામ રાલેગંજસિદ્ધિમાં કહ્યું હતું કે, કેટલાક ઉમેદવાર એવા છે જે સારી પ્રતિષ્ઠા ધરાવે છે. અણ્ણાએ ઝુપડપટ્ટીમાં રહેનાર લોકોને મદદ કરનાર મેધા પાટકરની પ્રશંસા કરી હતી. દરમિયાન અણ્ણાએ એમ પણ કહ્યું હતું કે, કેજરીવાલે વડાપ્રધાન બનવાના સ્વપ્ન નિહાળીને દિલ્હીના મુખ્યંમત્રી પદેથી રાજીનામું આપ્યું હતું. તેમના રાજીનામાના નિર્ણયને એ વખતે તેઓએ ખોટો ગણાવ્યો હતો. કેજરીવાલને લાગતું હતું કે તેઓ વડાપ્રધાન બની શકે છે. દિલ્હીમાં પહેલા સારા કામ કરવાની જરૂર હતી. જો દિલ્હીમાં સારુ કામ કર્યું હોત તો ચૂંટણીમાં મત મળ્યા હોત.

કેબિનેટની પસંદગીમાં પણ પીએમની ચાલતી જ ન હતી

નવી દિલ્હી,તા. ૧૨

લોકસભાની ચૂંટણીના પ્રચારમાં ભાજપને નવા હથિયારો મળે તેવો ચોંકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. હવે વડાપ્રધાન મનમોહનસિંહના નજીકના વિશ્વાસુ દ્વારા નવા પુસ્તકમાં સિંહને ખુબ નબળા વડાપ્રધાન તરીક ગણાવ્યા છે. સિંહના પૂર્વ મિડિયા સલાહકાર સંજય બારુના ધ એક્સિડેન્ટલ પ્રાઇમ મિનિસ્ટર ધ મેકિંગ એન્ડ અનમેકિંગ ઓફ મનમોહનસિંહ નામના પુસ્તકમાં અનેક ચોંકાવનારી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.આ પુસ્તકમાં કોંગ્રેસના વડા સોનિયા ગાંધી અને મનમોહનસિંહ વચ્ચે પારસ્પરિક સમીકરણને સ્પષ્ટપણ રજૂ કરવામાં આવ્યા છે. આમાં જણાવવામાં આવ્યું છે કે મનમોહનસિંહ તેમની બીજી અવધિ દરમિયાન ખુબ નબળા દેખાઇ રહ્યા હતા. સિંહ સોનિયા ગાંધી અને યુપીએના ઘટક પક્ષોની સામે શરણાગતિ સ્વીકારી રહ્યા હતા. સ્થિતી એટલી હદ સુધી ખરાબ થઇ ગઇ હતી કે બીજી વખત સરકારમાં આવ્યા બાદ કેબિનેટની પસંદગીમાં પણ તેમની કોઇ ભૂમિકા ન હતી. કેબિનેટના પ્રધાનો સોનિયા ગાંધી અને ઘટક પક્ષોની ઇચ્છાથી બનાવવામાં આવી રહ્યા હતા. પુસ્તક બજારમાં આવ્યા બાદ ફરી એકવાર કોંગ્રેસમાં સત્તાના બે કેન્દ્રો પ્રશ્ને ચર્ચા છેડાઇ ગઇ છે. જો કે કોંગ્રેસ અને વડાપ્રધાનની કચેરીએ આ પુસ્તકમાં કરવામાં આવેલા દાવાને ફગાવી દીધા છે. જો કે ભાજપ સહિતના વિરોધ પક્ષો ચૂંટણી પ્રચારમાં આ મામલો ઉઠાવે તેવી શક્યતા છે.

સમાચાર ઝલક

- *વિશ્વભરમાં ૨૦૧૨માં ૪૩,૭૦૦ લોકોની હત્યા, સંયુક્ત રાષ્ટ્રસંઘનો અહેવાલ.*
- *જેટ એવરેઝના બંને પાઇલોટોએ હેડફોન કાટી નાખતા વિમાન ૩૦ મિનિટ સંપર્ક વિહોણું બન્યું.*
- *ભારતીય સોફ્ટવેર બજારનું કદ ૪.૭ અબજ ડોલરનું થયું.*
- *અમેરિકાના ભૂતપૂર્વ વિદેશપ્રધાન હિલેરી ક્લિન્ટન પર જૂતું ફેંકાયું.*
- *એક્સીસ બેંકના એકાઉન્ટ હેક કરવાનો પ્રયાસ નિષ્ફળ.*
- *અભિનેતા રાજીવ ખંડેલવાલ સંખ્યાબંદ જાસૂસી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા ભજવશે.*
- *ઇ.વી.એમ. મશીનમાં તમામ ઉમેદવારોનાં નામ બાદ છેલ્લે નોટાનો વિકલ્પ રહેશે.*
- *બીસીસીઆઇની ઓડિયો ટેપ મેળવવાની માંગણી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી.*
- *ઔદ્યોગિક ઉત્પાદનમાં ફેબ્રુઆરીમાં ઘટાડો નોંધાયો, ગત નાણાંકીય વર્ષનાં વિદેશ વેપારની ખાધ પણ ઘટી.*
- *લોન આપવામાં હેરાન કરતી બેંકોને હવે દંડ થશે.*
- *જલેબી સૌથી વધુ ચરબીયુક્ત ખોરાક છે, જેથી કોલેસ્ટ્રોલ અને ચરબી વધે છે.*
- *નવી કૃષિ વીમા યોજના ખેડૂતોને પાયમાલ કરશે, રાજ્યભરમાં ઉગ્ર બનતો રોષ.*
- *સ્ટીલ પ્લાન્ટમાં ભરતી અંગે સીબીઆઇ રામવિલાસ પાસવાનની ચૂંટણી બાદ પુછપરછ કરશે.*
- *ઓસ્ટ્રેલિયામાં ત્રાટક્યું ભયાનક વાવાઝોડું.*
- *આજથી ગુજરાતમાં જામશે ચૂંટણીપ્રચાર, તમામ પક્ષોના નેતાઓ ગુજરાત આવશે.*
- *ચૂંટણીમાં મતદાન માટે બિનનિવાસી ભારતીયોનો ધસારો.*
- *પોસ્ટની ડિપોઝીટની પાકતી મુદ્દત આવી જાય તો આપોઆપ રિન્યુ થશે.*
- *મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલત સમિતિએ લોકસભાની ચૂંટણીના પરિણામોનું સચોટ ભવિષ્ય માટે ૨૧ લાખનું ઇનામ જાહેર કર્યું.*
- *અભય ચુડાસમા અને એમ.એલ. પરમારના જામીનનો ચુકાદો મંગળવારે આવશે.*
- *'બ્લેક બેરી' ફોન કંપનીનું ભાવિ અંધકારમય, બંધ કરવાની વિચારણા.*
- *કચ્છમાં ભૂંકપના ૪ આંચકા નોંધાયા, લોકોમાં ગભરાટ.*
- *વિશ્વના દેશોમાં ૧૫ દિવસમાં બે ગ્રહણોનો અદ્ભૂત અવકાશી નઝારો, ભારતમાં દેખાશે નહિ.*

ભગવાન મહાવીર સ્વામી (પાના નં. ૪ નું ચાલુ)

● આર્યજાતિએ સર્વોચ્ચ સદ્ગુણોની જે મનોમન મૂર્તિ કલ્પી છે, જે આદર્શ રચ્યો છે, તેને પહોંચનાર વ્યક્તિ એટલે મહાવીર, માતૃભક્તિ, સુખનો ત્યાગ, જીવ માત્ર પ્રત્યેની અપાર દયા અને ઇન્દ્રિયજયનો ઉત્કર્ષ બતાવનાર જ્ઞાતપુત્ર વર્ધમાન એ મહાવીર.

- કાકાસાહેબ કાલેલકર

ભગવાન મહાવીર વિશ્વશાંતિની આધારશિલા

એ - હવે આ વિશ્વયુદ્ધમાં શેનો ઉપયોગ થશે? અણુબોમ્બ? પરમાણું બોમ્બ? કે હાઇડ્રોજન બોમ્બ?

બી - એ તો ખબર નથી, પણ તેની પછીનાં યુદ્ધમાં પથરાંઓનો ઉપયોગ થશે.

આ સંવાદ કેટલો રમુજી છે, એટલો જ ગંભીર છે. ગંભીરતાની બધી સીમાઓએ વટાવી ગયેલ વર્તમાન પરિસ્થિતિમાં શું કરવાં જેવું છે...? આ વિષયમાં જરા સાંભળીને... આપણા પૂર્વ વિદ્યાપુરૂષોને....

● ભગવાન મહાવીરનો સંદેશ કોઇ ખાસ કોમ કે જાતિ માટે નહીં, પણ આખા ય વિશ્વ માટે છે. જો માનવી મહાવીર સ્વામીના ઉપદેશ અનુસરા ચાલે, તો પોતાના જીવનને આદર્શ જીવન બનાવી શકે. જગતમાં સુખ અને શાંતિ ત્યારે જ પ્રાપ્ત થાય, જયારે આપણે ભગવાન મહાવીરે ચીધેંલા માર્ગ ઉપર ચાલીએ.

- ચક્રવર્તી રાજગોપાલાચારી

● આજથી અઢી હજાર વર્ષ પૂર્વે અનેકાંતવાદનો જે ઉપદેશ ભગવાન મહાવીરે આપ્યો હતો, તેનો સ્વીકાર આજના રાજકીય નેતાઓ કરે, તો દુનિયામાં અવશ્ય ક્રાન્તિ સ્થાપી શકાય તેમ છે. આપણે પોતાના માટે એક વાત વિચારી, અને અન્યના માટે બીજી વિચારીએ તો તેમાં પાપ છે. ભગવાન મહાવીરને લોકો સમજે તેઓનો દૃષ્ટિકોણ સ્વીકાર પ્રચાર કરે, તો વિશ્વમાં સદ્ભાવના વધે-શાંતિ પ્રવર્તે, એમ હું માનું છું.

- રાષ્ટ્રકવિ દિનકરજી

● ભગવાન મહાવીરનો જીવન સંદેશ તેમના સમયમાં જેટલો વ્યક્તિ અને સમષ્ટિની જરૂરિયાતોની પૂર્તિ કરનારો હતો, તેટલો બલ્કે તેનાથી ય વિશેષ આજના યુગમાં છે જગતભરમાં જયારે વિવિધ સ્વરૂપે હિંસા અને અહિષ્ણુવાદનો ફેલાવો થતો દેખાય છે અને અનુભવાય છે, એ સમયે ભગવાન મહાવીરનાં જીવનકાર્યનું સ્મરણ, મનન અને તેનો સમસ્ત માનવ સમાજમાં પ્રચાર કરવાનો પુરૂષાર્થ કરીએ, એ સર્વ રીતે ઉચિત છે.

- ભોગીલાલ જ. સાંડેસરા

ભગવાન મહાવીર સૌંદર્યના એક શિખરાનુભૂતિ

પત્ની : જુઓને, મારી આંખો અપ્સરાને મળતી આવે છે ને?

પતિ : (ધીમેથી) એક આંખ તો બીજી આંખને મળતી નથી, ને અપ્સરાની વાત કરે છે.

ભલે હસવાની વાત છે, પણ જયારે ગામડે ને ગલીએ બ્યુટી પાર્લરો ખુલી રહ્યા છે, ત્યારે જનતાને ખરા સૌંદર્યની ઓળખાણ થવી બેહદ જરૂરી બની ગઇ છે. ભગવાન મહાવીર સૌંદર્યની એક ચરમ સીમા સ્વરૂપ હતા. ચાલો, મારા શબ્દોમાં નહીં, કોઇ જૈનના શબ્દોમાં પણ નહીં, પણ વિશ્વનાં વિદ્વાનોના શબ્દોમાં કરીએ... સાક્ષાત્કાર... એ સૌંદર્યનો.

● ભગવાન મહાવીરનું શાશ્વત સૌંદર્ય એ જ છે કે એમણે પોતાના અંતઃકરણમાં ધર્મના મહામૂલા અધ્યાત્મસ્વરૂપને પૂર્ણપણે પ્રાપ્ત કર્યું હતું. આત્મદર્શનના બળે એમનો આધ્યાત્મિક કાયાકલ્પ થયો હતો. બ્રહ્મચર્ય, સત્ય, અહિંસા, આત્મવિશ્વાસ અને જીવદયાના બહુમૂલા તત્ત્વો ચારે તરફથી એમની અંદર સમાઇ ગયા હતા. તેનો અનુભવ એમણે વિશ્વના અનાદિ, અનંત અને અમાપ એવા ધર્મના ભંડાર સાથે સાંકળી દીધો છે.

- ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ

● ભગવાન મહાવીરનું નામ અહિંસા, સંસ્કૃતિ, પરમ શાંતિ અને મોક્ષથી પરિપૂર્ણ છે. તેઓ પવિત્ર મહાપવિત્ર હતાં.

- ડૉ. વિલિયમ હેનીર ટાલ્વાર (ઇંગ્લેન્ડ)

● ભગવાન મહાવીર દિવ્ય પુરૂષ હતા. તેઓ તપસ્વીઓમાં આદર્શ, વિચારકોમાં મહાન, આત્મવિકાસમાં અગ્રેસર અને દર્શનાદિ જ્ઞાનમાં સર્વજ્ઞ હતા. તેઓએ પોતાના તપોબળ વડે જનસમૂહની સમક્ષ એ બાબતોને રચનાત્મકરૂપે રજુ કરી હતી.

- ડૉ. અર્નેસ્ટલાય (જર્મની)

● ભગવાન મહાવીરે જીવમાત્રના ઉદ્ધારનો માર્ગ દેખાડ્યો. દુનિયામાં સંપ અને શાંતિ ઇચ્છનારાઓનું ધ્યાન મહાવીરના વિશાળ સિદ્ધાંતો તરફ આકર્ષાયા વિના રહે જ નહીં.

- ડૉ. વોલ્ફેર શુબ્રિંગ (જર્મની)